# WE SERVE TO SAVE

પ્રતિ
ચીફ ઓફીસર શ્રી
વલસાડ નગરપાલિકા
જી.વલસાડ,
ગુજરાત.

ઇનવર્ડ નં.૩૯૫,તા.૩૦/૦૧/૨૦૨૦

વિષયઃ- ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે અત્રેથી ફકત અભિપ્રાય આપવા બાબત.

સંર્દભઃ-વલસાડ નગરપાલિકાના પત્ર ક્રમાંક જા.નં.૨૮૮૫/૨૦૧૯-૨૦ તા.૩૦/૦૧/૨૦૨૦ અરજદારશ્રી મિરાજ વશી ''સુમખ ટાઉન શીપ ''બિલ્ડીગ A,B,C,D,E,F,G,H1,H2,I,J,K રે.સ.નં.૬૩+૬૯/૩+૭૦/૨+૭૧+૨૫૩ મોગરવાડી તા.જી.વલસાડ ની તા.૩૦/૦૧/૨૦૨૦ ની અરજી અન્વયે

સવિનય ઉપરોકત વિષય અને સંર્દભ અન્વયે ના પત્ર અનુસંધાને જણાવવાનુ કે`અરજદારશ્રી મિરાજ વશી ''સુમુખ ટાઉન શીપ '' બિલ્ડીગ A,B,C,D,E,F,G,H1,H2,I,J,K, રે.સ.નં.૬૩+૬૯/૩+૭૦/૨+૭૧+૨૫૩ મોગરવાડી તા.જી.વલસાડ ની રહેણાંક હેતુ માટે ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ નાં જીડીસીઆર (૨૦૨૧) નાં ઉલ્લેખીત નિયમો મુજબ અત્રેનાં ફાયર પ્રિવેન્શન અને પ્રોટેકશન મુજબ નો અભિપ્રાય માંગેલ છે. જેમાં રહેણાંક બિલ્ડીગ (બેસમેન્ટ + ગ્રાઉન્ડફલોર + ૧૦ માળ) માં ઉંચાઇ ૩૩.૦૦ મીટર ધરાવતી ઇમારતમાં ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે સ્પ્રીન્કલર ઇનસ્ટોલ કરવાના રહેશે.તેમજ મેઇન ઇલેકટ્રીકલ પંપ,જોકી પંપ તેમજ ડીઝલ પંપ ડ્રોંઇગમાં તેમજ ફીજીકલ ગ્રાઉન્ડ લેવલે ઇનસ્ટોલેશન કરેલ હોવો જોઇએ તેમજ બેસમેન્ટ હોય તો તે ના સ્ટેરકેસ પાસે ફાયર ડોર તેમજ કેબલ ગેલેરી ના ડકટમાં દરેક ફલોર પર ફાયર ડોર ઇનસ્ટોલ કરવાનુ રહેશે.તેમજ ૧૮ મીટર, ૨૫ મીટર રીફયુઝ એરીયા તેમજ ફાયર ડોર ઇન્સ્ટોલ કરવા માટે દર્શાવેલ છે.

ઉપરોકત સંર્દભે જરૂરીયાત મુજબનો સ્ટેરકેસ (દાદર) ૨ મીટર ની પહોળાઇ સહીતનો અને બંને સાઇડનો પેસેજ ખુલ્લો હોવો જોઇએ.દરેક માળે પેરાપેટ વોલ ઉપર ૨ મીટર ની હાઇટ ઉપર હવા ઉજાસ થઇ શકે તે મુજબ હોવુ જોઇએ.તેમજ ઇમારત પ્રિમાઇસીસમાં ૪૦ ટન ધરાવતુ ફાયર વાહન સંર્પુણ ઇમારતના પ્રિમાઇસીસમાં ૬ મીટર ની પરિઘમાં ફરી શકે તે મુજબ હોવુ જોઇએ અને પ્રિમાઇસીસ ની ગેટ એન્ટ્રી બંને સાઇડ મીટર કે તેથી વધુ હોવી જોઇએ.

સંર્પુણ રહેણાંક હેતુની ઇમારતમાં ફાયર સેફટી અને પ્રોટેકશન ઇકવીપમેન્ટ કાયમી ધોરણે ફીકસ લગાડયા બાદજ આપના લેવલેથી ફાયર સર્વિસ વિભાગનાં ઓફીસરનાં ઇન્સપેકશન કર્યા બાદ એન.ઓ.સી.આપવા ભલામણ છે.

જાવકનં/અભિપ્રાય નં . ૩૪૫
તા. ૩૦/૦૧/૨૦૨૦

DIRECTOR STATE FIRE PREVENTION SERVICES
સત્યમેવ જયતે
Gandhinagar

30-1-2020
ડી.એચ.માખીજાની
રીજનલ ફાયર ઓફીસર
સુરત

25 | NA order copy

**કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,વલસાડ.**
જિલ્લા સેવા સદન –૨,પહેલા માળે,વલસાડ – ૩૯૬ ૦૦૧
**E-MAIL:Collector-val@gujarat.gov.in**
કચેરી ટેલીફોન નંબર :–૦૨૬૩૨-૨૪૪૨૭૪,૨૪૪૨૭૯,૨૫૩૭૩૧,૨૫૩૬૧૩,૨૪૪૩૮૬,
કચેરી ફેકસ નંબર :– ૨૪૯૩૩૫,૨૪૩૪૧૭ કન્ટ્રોલ રૂમ :– ૨૪૩૨૩૮

નં.સીબી/એન.એ.રજી.૦૧/૨૦૧૫-૧૬/વશી-૪૨૫૧-૫૮/૨૦૧૫ તા.૯/૦૯/૨૦૧૫

COLLECTOR VALSAD DISTRICT જીલ્લો વલસાડ

વાંચનમાં લીધુ :-

(૧) અરજદારશ્રી શૈલેષભાઈ પ્રકાશભાઈ વશી, શ્રી પુરંજય પ્રકાશભાઈ વશી તથા શ્રી મિરાજ પ્રકાશભાઈ વશી, રહે.વશી ફળિયા, શ્રીનગર સોસાયટી રોડ, હાલર, વલસાડ, તા.જિ.વલસાડની અરજી ૧/૦૮/૨૦૧૫.

(૨) નાયબ કલેકટરશ્રી વલસાડનો શેરાપત્ર નં.એલએનડી/NA/રજી.૫૯/૧૫/વશી.૧૦૫૭ /૨૦૧૫, તા.૨૪/૦૮/૨૦૧૫.

(૩) મામલતદાર અને કૃષિપંચશ્રી વલસાડના પત્ર નં.સીલીંગ/ગણત/એનએ/રજી-૧૪૫/ વશી-/૨૦૧૫, તા.૨૮/૦૮/૨૦૧૫.

(૪) મામલતદારશ્રી વલસાડનો શેરાપત્ર નં.જમન/વશી-૩૪૧૪/રજી.નં.૭૨/૨૦૧૫, તા.૨૮/૦૮/૨૦૧૫.

(૫) ચીફ ઓફિસરશ્રી, વલસાડ નગરપાલિકા વલસાડનો પત્ર જાવક નં.૪૬૦/૨૦૧૫-૧૬, તા.૨૫/૦૮/૨૦૧૫.

(૬) નગર નિયોજકશ્રી વલસાડનો પત્ર ક્રમાંક-બીપી/મોગરાવાડી/વલસાડ/૧૩૧૯, તા.૨૪/૦૭/૨૦૧૫

(૭) સરકારશ્રીના મ.વિ.સંકલિત ઠરાવ નં.૧૦૮૦/૬૭૬/ક તા.૨૫/૪/૮૦ તથા બીજો ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૮૧/૬૧૨/ક તા.૨૫/૩/૮૧ તથા મ.વિ.ના ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૮૦/ ૫૯૫૬૦/ક તા.૨૭/૮/૮૦ તથા ઠરાવ તા.૨૦/૯/૮૪.

(૮) સરકારશ્રીના મ.વિ.ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૯) સરકારશ્રીના મ.વિ.સુધારા ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૧૦/૦૭/૨૦૦૮

(૧૦) સરકારશ્રીના મ.વિ. ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૮/૦૪/૨૦૧૧.

(૧૧) સરકારશ્રી મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી ગુજરાત રાજ્યની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાક-મતક-ડાયરી-એ-ધરા-૭૩૭-૨૦૧૧, તા.૦૮/૦૯/૨૦૧૧ તથા પત્ર ક્રમાક-મતક-વહટ-વશી-૧૩૯૪/૨૦૧૧, તા.૧૨/૦૯/૨૦૧૧.

(૧૨) સને-૧૮૭૯ ના મુંબઇ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫.

હુ ક મ : -

**મોજે : મોગરાવાડી, તા.વલસાડના સ.નં.૬૩, ૬૯/૩, ૭૦/૨, ૭૧, ૨૫૩, કુલ ક્ષે.૧૪૦૫૪.૦૦ ચો.મી.** વાળી જગ્યામાં જમીન મહેસુલ કાયદાની **કલમ–૬૫** હેઠળ **"રહેણાંક ફલેટ ટાઈપ(લો રાઈઝ)"** ના હેતુસર બિનખેતિની પરવાનગી મળવા માંગણી કરેલ છે. સદર કેસમાં **"રહેણાંક"** હેતુસર માટે ક્ષે.૧–૪૦–૫૪ ચો.મી. ના પ્રતિ ચો.મી. ના **રૂા.૧૦/–(દસ)** પ્રમાણે રૂપાંતર કરની **રૂા.૧,૪૦,૫૪૦/– (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પાંચસો ચાલીસ પૂરા)** વસુલ લઈ **મોજે:મોગરાવાડી, તા.વલસાડના સ.નં.૬૩, હે.૧–૦૨–૧૦ ચો.મી., ૬૯/૩, હે.૦–૦૮–૦૯ ચો.મી., ૭૦/૨, હે.૦–૦૪–૦૫ ચો.મી., ૭૧, હે.૦–૧૪–૧૬ ચો.મી., ૨૫૩, હે.૦–૧૨–૧૪ ચો.મી. કુલ**

**ક્ષે.૧૪૦૫૪૦.૦૦ ચો.મી.** વાળી જગ્યા માટે અરજદારે રજુ કરેલ સૂચિત નકશો જે આ સાથે સામેલ છે. તે મુજબ જમીન મહેસુલ કાયદાની **કલમ–૬૫** હેઠળ **"રહેણાંક ફ્લેટ ટાઈપ(લો રાઈઝ)"** હેતુસર બિનખેતિની પરવાનગી અરજદાર**શ્રી શૈલેષભાઈ પ્રકાશભાઈ વશી, શ્રી પુરંજય પ્રકાશભાઈ વશી તથા શ્રી મિરાજ પ્રકાશભાઈ વશી,** રહે.વશી ફળિયા, શ્રીનગર સોસાયટી રોડ, હાલર, વલસાડ, તા.જિ.વલસાડને **તા.૦૧/૦૮/૨૦૧૬** થી આ હુકમ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ બીનખેતીનાં ધારાની રકમ ઉપર મુજબનું **લોકલફંડ** તથા **શિક્ષણ ઉપકર** મુજબ બીજો ફેરફારનો હુકમ ન થાય ત્યાં સુધી સદરહુ પરવાનગી નીચે જણાવેલ સબંધિત શરતોને આધીન રહીને જમીન મહેસૂલ કાયદાની **કલમ–૬૫** હેઠળ આપવામાં આવે છે.

**<u>બિનખેતી પરવાનગી મેળવનાર અરજદારે પાલન કરવાની શરતો :</u>**

(૧.) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજુ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવો જોઈએ.

(૨.) બાંધકામ શરૂ કરતાં પહેલા સક્ષમ અધિકારી પાસે બાંધકામની રજા ચીટ્ઠી મેળવવાની રહેશે.

(૩.) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪.) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫.) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬.) ઓદ્યોગીક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલાં જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭.) ફ્લોર **'મીલ'**, સીનેમા/ટુરીગ સીનેમા/થીયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮.) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી,એલ.પી.જી. પંપ નાંખવા માટે બીનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯.) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦.) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧.) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨.) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩.) પ્રશ્નવાળી જમીનની લાગુમાં અડીને જો કોઈ નદી આવેલ હોય તો નદીથી ૩૦.૦૦ મીટર દુર બિલ્ડીંગ કન્ટ્રોલ લાઈન રાખવાની રહેશે. તથા બાંધકામ માટે પ્લીંથ લેવલ એચ.એફ.એલ. થી ઉપર રાખવાનું રહેશે.

(૧૪.) પ્રશ્નવાળી જમીનની લાગુમાં અડીને જો કોઈ નદી /નાળાં /કોતર આવેલ હોય તો તે અંગે નિયમાનુસાર માર્જીન છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૫.) પ્રશ્નવાળી જમીનમાં વરસાદી પાણીનાં નિકાલ માટેની વ્યવસ્થા કરવાની રહેશે. તથા કુદરતી વહેણને અવરોધ રૂપ થાય તેવું કૃત્ય કરવું નહી, તથા તે અંગેની સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે.

(૧૬.) પ્રશ્નવાળી જમીનનો ઉપયોગ બિનખેતીના હેતુ માટે થનાર હોય, દુષિત પાણી કે ઘનકચરાનો નિકાલ નદીના પટમાં કે વહેણમાં કરવામાં ન આવે તે જોવાનું રહેશે.

(૧૭.) સરકારશ્રીના નિયમોનુસાર રસ્તા/નદી/એચ.ટી.લાઈન વિગેરે માટે નિયમોનુસાર માર્જીન રાખવાનું રહેશે.

(૧૮.) અરજદારશ્રીએ કુદરતી પર્યાવરણ જળવાય રહે તે મુજબ બાંધકામ કરવાનું રહેશે. અને જે તે સરકારી વિભાગની અલાયદી પરવાનગી મેળવવાની રહેશે.

(૧૯.) અરજદારે રસ્તાની સાઈડે ગટરમાં જરૂરી વ્યાસના પાઈપો નાંખી મંજુરી લઈ પ્લોટનો રસ્તો બનાવવો, અને ચોમાસા દરમ્યાન પાણીનો નિકાલ વ્યવસ્થિત રીતે થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૦.) ઓ.એન.જી.સીના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૧.) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સંબંધિત સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૨.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૩.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૪.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાનાં થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૫.) સવાલવાળી જમીનનું એકત્રીકરણ કરાવ્યા બાદ ઉપયોગ કરવાનો રહેશે તથા સ્વખર્ચે રેકર્ડ દુરસ્તી કરાવી લેવાની રહેશે.

(૨૬.) રસ્તાની જમીન હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલ થઈ શકશે નહી.

(૨૭.) રસ્તા સહિતની સમગ્ર જમીનનો બીનખેતી આકાર, પ્લોટ વેચાણ કરવામાં આવે, ત્યાં સુધી હોલ્ડરે પ્રમાણસર ભરવાનો રહેશે.

(૨૮.) રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતા રસ્તાનો ઉપયોગ તો જાહેર રીતે જ કરવાનો રહેશે.

(૨૯.) કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બીજા હેતુનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

(૩૦.) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મંજુર જમીનની તથા બાંધકામની માન્ય પ્રવર્તમાન રહેણાંક/વાણિજય સિવાયના હેતુ માટેના ઉપયોગ સારૂ મનાઈ ફરમાવવામાં આવે છે.

(૩૧.) આ હુકમ થયાની તારીખથી છ માસમાં ખેતી સિવાયનું કૃત્ય કરવું પડશે અને જો તેમ કરવામાં કસુર થશે તો ખેતીનો વિશેષધારો તથા દંડ જે કંઈ નક્કી થાય તે ભરવા પડશે.

(૩૨.) કબજેદાર ખેતી સિવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી બે માસમાં પરંતુ આ હુકમની તારીખથી ૪ માસથી મોડુ નહિ તેટલી મુદતમાં તથા અપીલનો સમય પુરો થયા બાદ નમુના 'એમ' માં આ હુકમમાં જણાવેલી તમામ શરતો સહિતની સનંદ મુદતમાં કરાવી લેવી પડશે અને આ પરવાનગી સનંદમાં જણાવેલ શરતોને આધીન રહેશે. જો સદર મુદતમાં સનંદ કરી આપવામાં કસુર થશે તો આ બીનખેતીની મંજુરીનો હુકમ રદ થવાને પાત્ર રહેશે.

(૩૩.) ખાળ કુવા નિયમિત સાફ કરાવવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૩૪.) આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પુરૂ કરવાનું રહેશે. અને બાંધકામ પુરુ થયા પછી ૩ માસમાં જાણ કરવાની રહેશે.

(૩૫.) નગરપાલિકાએ નેશનલ બિલ્ડીંગ કોડ અનુસાર બાંધકામ સ્ટેબીલીટી અંગેના નિયમોનો ચુસ્ત પણે અમલ કરાવવાનો રહેશે.

(૩૬.) અન્ય કચેરીઓ તરફથી જે શરતો આધિન અભિપ્રાય આપેલ છે તે તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૭.) એન.એ. કરવામાં આવેલી જમીનના સર્વે નંબર ઉપર બાંધકામ કરતા પહેલા સરકાર માન્ય સંસ્થા પાસે સોઈલ ટેસ્ટ ફરજીયાત કરાવવાનું રહેશે. અને આ સોઈલ ટેસ્ટની નકલ બાંધકામના રેકર્ડ ઉપર રાખવાની રહેશે. એટલું જ નહી પરંતુ સોઈલ ટેસ્ટ કરાવ્યા બદલની પ્રમાણિત નકલો બાંધકામ જમીનની મંજુરી સાથે સંકળાયેલ તમામ સરકારી, અર્ધસરકારી એજન્સીઓને ફરજિયાત પણે આપવાની રહેશે. અને આ પ્રમાણપત્ર અને મંજુરીની નકલ મકાન ખાતેદાર વ્યકિતએ બાંધકામ કરનાર વ્યકિતને પુરુ પાડયા બદલનો દાખલો પણ નગરપાલિકાએ રેકર્ડ ઉપર રાખવાનો રહેશે.

(૩૮.) ઉપરોકત બીનખેતી થનાર જમીન પર જે કંઈ બાંધકામ કરવામાં આવે તે બાંધકામ કરનાર કોન્ટ્રાકટરની સંપૂર્ણ વિગતો તમામ સંબધિત સરકારી બિનસરકારી એજન્સીઓએ બાંધકામ ખાતેદાર વ્યકિતએ પુરી પાડવાની રહેશે. અને મકાન ખરીદનાર તમામ મકાન ધારકોને પણ આ બાંધકામ કઈ વ્યકિતએ અથવા કોન્ટ્રાકટરે હાથ ધરેલ છે. તેના નામ સરનામા સાથેની સંપૂર્ણ વિગતો પણ પ્રમાણિત નકલો સાથે પુરી પાડવાની રહેશે. સરકારશ્રીની જુદી જુદી એજન્સીઓ ધ્વારા રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટર રજી.માટે જે કંઈ ધોરણો, સુચનાઓ બહાર પાડવામાં આવે તે પ્રમાણે બીલ્ડરનું રજી.ફરજિયાત કરાવી તમામ સંબધિતોની તેની લેખિતમાં જાણ કરવાની રહેશે. તે મુજબ નગરપાલિકાએ અમલ કરાવવાનો રહેશે.

(૩૯.) ભુંકપ,વાવાઝોડા,પુરસબંધી ઝોન અનુરૂપ અદ્યતન સુધારેલ શરત નં.૧૯ ની જોગવાઈ અનુસાર મકાનોની ડીઝાઈનનો ઉપયોગ થાય તે ખાસ જોવાની સુચના આપવામાં આવે છે. તે મુજબ નગરપાલિકાએ અમલ કરાવવાનો રહેશે.

(૪૦.) વરસાદી પાણીના ભૂગર્ભવહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન દીઠ એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે. નગરપાલિકાએ કાર્યવાહી કરાવવાની રહેશે.

(૪૧.) પ્રકરણે રજુ થયેલ પુરાવા સિવાય અન્ય જરૂરી પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય અને પાછળથી લેન્ડ ટાઈટલ બાબતે કોઈ વિવાદ ઉભો થશે તો સમગ્ર જવાબદારી અરજદારની રહેશે.

(૪૨.) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઈપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી

અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબજેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૬તથા નિયમોના નિયમ–૧૦૦ અનુસાર યોગ્ય તે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહિતના એક કે વધુ પગલા લેવામાં આવશે.

(૪૩.) **<u>શિક્ષાત્મક કલમ</u>**

અ. અરજદાર કોઈપણ શરતનો ભંગ કરે તો કલેકટરશ્રી સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર જે કોઈપણ બીજી શિક્ષાને પાત્ર હોય તેને બાધ આવ્યા સિવાય તેને ફરમાવવા યોગ્ય લાગે તો તે પ્રમાણે દંડ અથવા આકાર વસુલ લઈ શકશે.

બ. ઉપરની પેટા કલમ 'અ' માં ગમે તે મજકુર હોય તો તેમ છતાં કલેકટરશ્રીએ આ સદરહુ પરવાનગી વિરૂધ્ધ બાંધેલા અથવા વપરાતા કોઈપણ મકાન અથવા ઈમલાને કલેકટરશ્રીએ આ સાથે મુદત ઠરાવી હોય તો તે મુદત દરમ્યાન ખસેડવા અથવા ફેરફાર કરવાનું ફરમાવે તે કાયદેસરનું ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો કલેકટરશ્રી તેમ કરવાને અને તેમ કરવામાં જે દંડ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે. તથા જમીન ખાલસા પાત્ર થશે.

**ભરવાપાત્ર બીનખેતીનો આકાર તથા નિયમ મુજબ લોકલ ફંડ,શિક્ષણ વિગેરે દર્શાવતું પત્રક:**

| અ.નં | વિગત | રકમ રૂા. પૈસા |
|---|---|---|
| ૧. | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનો સર્વે નંબર કબજેદારનું નામ | મોજે: મોગરાવાડી, તા.વલસાડના સ.નં.૬૩, ૬૯/૩, ૭૦/૨, ૭૧, ૨૫૩, કુલ ક્ષે.૧૪૦૫૪.૦૦ ચો.મી. વાળી જમીનમાં બિનખેતીની પરવાનગી અરજદારશ્રી શૈલેષભાઈ પ્રકાશભાઈ વશી, શ્રી પુરંજય પ્રકાશભાઈ વશી તથા શ્રી મિરાજ પ્રકાશભાઈ વશી, રહે.વશી ફળિયા, શ્રીનગર સોસાયટી રોડ, હાલર, વલસાડ, તા.જિ.વલસાડ. |
| ૨. | બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ | કુલ ક્ષે.૧૪૦૫૪.૦૦ ચો.મી. |
| ૩. | નિયમ મુજબ લેવાના બીનખેતીના આકાર દર તથા કેવા પ્રકારની બીનખેતીના ઉપયોગ છે. | રહેણાંક હેતુ માટે ૦.૧૫ પૈસા |
| ૪. | રૂપાંતર વેરા લેવાનો થતો હોય તો તેની રકમ | રૂા.૧,૪૦,૫૪૦/– (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પાંચસો ચાલીસ પુરા) સરકારશ્રીમાં ચલણ નં.૯૦/૨૦૧૫–૧૬, તા.૭/૦૯/૨૦૧૫ ના રોજ જમા કરાવામાં આવેલ છે. |
| ૫. | વસુલ કરવાના બીનખેતી આકારની કુલ રકમ | રૂા.૨,૦૧૯/– પહોંચ નં.૩ થી તા.૮/૦૯/૨૦૧૫ ના રોજ જમા કરાવેલ છે. |
| ૬. | અન્ય કોઈ વેરા વસુલ કરવાના હોય તો તેની રકમ (લોકલફંડ) | રૂા.૪,૨૧૭/– પહોંચ નં.૩ થી તા.૮/૦૯/૨૦૧૫ ના રોજ જમા કરાવેલ છે. |
| ૭. | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | રૂા.૧,૦૫૫/– પહોંચ નં.૧૫૪ થી તા.૮/૦૯/૨૦૧૫ ના રોજ જમા કરાવેલ છે. |
| ૮. | કોલમ નં.૫,૬,૭ ના વેરા તથા શરત ભંગ અંગે દંડની રકમ. | રૂા.૭,૨૯૧/– (અંકે રૂપિયા સાત હજાર બસ્સો એકાણું પુરા) |

| | | |
|---|---|---|
| ૯. | કોલમ નં.૫,૬,૭ ના વેરા કઈ તારીખથી | તા.૦૧/૦૮/૨૦૧૬ થી લેવાના છે. |
| ૧૦ | જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર ખાતું, વલસાડ ધ્વારા લેવામાં આવેલ માપણી ફી ની રકમ | રૂા.૨,૭૦૦/-(ચલણ નં.૧૮૯, તા.૭/૦૯/૨૦૧૫ થી જમા કરાવેલ છે) |

(૩૯.) સરકારશ્રીના મહેસૂલ તપાસણી કમિશનર,ગુજરાત રાજયની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાક–મતક–ડાયરી–ઈ–ધરા–૭૩૭–૨૦૧૧,તા.૦૮–૦૯–૨૦૧૧ તથા પત્ર ક્રમાક–મતક– વહટ–વશી–૧૩૯૪/૨૦૧૧, તા.૧૨–૦૯–૨૦૧૧ અનુસાર ગા.ન.નં.૬માં નોંધ કરવાની રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

રવાના કર્યુ

સહી/–
(રવિ કુમાર અરોરા )
કલેકટર વલસાડ.

COLLECTOR
કલેકટર
VALSAD DISTRICT

કલેકટર વલસાડ વતી.

રજી.પો.એડી.

પ્રતિ,
શ્રી શૈલેષભાઈ પ્રકાશભાઈ વશી,
શ્રી પુરંજય પ્રકાશભાઈ વશી તથા
શ્રી મિરાજ પ્રકાશભાઈ વશી,
રહે.વશી ફળિયા, શ્રીનગર સોસાયટી રોડ,
હાલર, વલસાડ, તા.જિ.વલસાડ.

નકલ રવાના: નાયબ કલેકટરશ્રી વલસાડ તરફ.....

૨/- જાણ તથા આમુખ-૧૦ મુજબ મામલતદારશ્રી પાસે અમલવારી કરાવી રીપોર્ટ કરવા સારૂં.

નકલ રવાના: મામલતદારશ્રી વલસાડ તરફ.....

૨/- ઇ-ધરા કેન્દ્ર ઉપર નોંધ પડાવી નોંધની નકલ તથા ૭/૧૨ ની નકલ અત્રે મોકલવા તથા હુકમની શરત નં. ૩૨ મુજબ નમુના "એમ"માં સનદ તૈયાર કરી અત્રે રવાના કરવાની રહેશે. તેમજ આમુખ-૧૦ અનુસાર અમલવારી કરી રીપોર્ટ કરવા સારૂં.

નકલ રવાના: ચીફ ઓફિસરશ્રી, વલસાડ નગરપાલિકા તરફ.....

નકલ રવાના: ડી.ઇ.લે.રે.શ્રી વલસાડ તરફ.....

૨/- જાણ તથા રેકર્ડ ઉપર અમલવારી કરી તેની અત્રે જાણ કરવા સારૂં.

નકલ રવાના: સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, વલસાડ, તા.વલસાડ તરફ.....

૨/- જાણ તથા આમુખ-૧૦ મુજબ અમલવારી કરી રીપોર્ટ કરવા સારૂં

નકલ રવાના: જુનિયર નગર નિયોજકશ્રી વલસાડ તરફ.....

નકલ રવાના: તલાટી કમ મંત્રીશ્રી મોગરાવાડી, તા.વલસાડ તરફ જાણ સારૂ.

નકલ રવાના: સીલેક્ટ ફાઇલે